પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૭૬ | ૧૬ ડિસેમ્બર, ૨૦૧૭, શનિવાર ; માગસર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ઉત્તર ભારત ઠંડુગાર

**કાશ્મીર, હિમાચલમાં હિમવર્ષા જારી : સ્કી રિસોર્ટ ગુલમર્ગમાં માઇનસ ૯.૮ ડિગ્રી તાપમાન નોંધાયું : અમરનાથ યાત્રાના બેઝકેમ્પ પૈકી એક પહેલગામ ખાતે માઇનસ ૬.૫ ડિગ્રી ધુમ્મસ અને તીવ્ર ઠંડીનું મોજુ : શ્રેણીબદ્ધ ટ્રેનો રદ્દ કરવા માટે નિર્ણય કરાયો**

નવી દિલ્હી,તા. ૧૫

ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી અને ધુમ્મસની સ્થિતી જોવા મળી રહી છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં સવારમાં ધુમ્મસની ચાદર જોવા મળી રહી. કેટલાક મેદાની ભાગોમાં પણ પારો શુન્ય સુધી પહોંચી ગયો છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુકાશ્મીરમાં કેટલાક જિલ્લામાં ભારે હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે. સાથે સાથે ભેખડ ધસી પડે તેવી ચેતવણી જારી કરવામાં આવી છે. કાશ્મીરમાં કેટલીક રાહત મળી છે. કારણ કે શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવેને સત્તાવાળાઓએ ખોલી દેવાનો નિર્ણય કર્યો છે. આની સાથે ખીણ અને દેશના અન્ય ભાગો



ફરી સંપર્કમાં આવ્યા છે. હાલમાં કેટલીક જગ્યાએ બરફના કારણે રસ્તાને બંધ કરવાની ફરજ પડી હતી. જો કે ઉંચાણવાળા વિસ્તારમાં હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષા જારી રહી છે. જેથી ઠંડીમાં એકાએક વધારો થયો છે. કાશ્મીર ડિવીઝનમાં લોકોની હાલત કફોડી બનેલી છે. લડાખ પ્રદેશમાં સૌથી વધારે ઠંડી નોંધાઈ છે. પહલગામ અને ગુલમર્ગ ખાતે તાપમાન માઈનસમાં છે. સ્કી રિસોર્ટ તરીકે લોકપ્રિય ગુલમર્ગમાં પારો માઈનસ ૯.૮ સુધી નીચે પહોંચી ગયો છે. જ્યારે વાર્ષિક અમરનાથ યાત્રા માટે બેઝ કેમ્પ ગણાતા પહલગામમાં

● અનુસંધાન પાન-૭ પર

## માઉન્ટ આબુમાં પણ પ્રવાસીઓ ઠુઠવાયા

નવીદિલ્હી, તા. ૧૫

રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં પણ કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. અલબત્ત રાજ્યના જુદા જુદા ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં આંશિક વધારો થયો છે. જયપુર, ચુરુ, બીકાનેર, શ્રીગંગાનગર, હનુમાનગઢ, ઝુનઝુ, ભરતપુર, કરોલી, ધોલપુરમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ છે. એકમાત્ર હિલસ્ટેશન ગણાતા માઉન્ટ આબુમાં લઘુત્તમ તાપમાન બે ડિગ્રીથી નીચે પહોંચ્યું છે જ્યારે શિકરમાં લઘુત્તમ તાપમાન ૪.૫ ડિગ્રી નોંધાયું છે. અલવરમાં ૬.૨, પિલાનીમાં ૭.૫, ભીલવાડામાં ૮, જેસલમેરમાં ૮.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, આગામી ૨૪ કલાકમાં રાજસ્થાનના ઉત્તરીય વિસ્તારોમાં ધુમ્મસની ચાદર રહેશે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં ભારે હિમવર્ષા બાદ તેની સીધી અસર ઉત્તર ભારતના રાજ્યો ઉપર જોવા મળી રહી છે.

## હું પોઝિટિવ અને ઈનોવેટિવ દલીલોની આશા રાખી રહ્યો છું : મોદી

ન્યુ દિલ્હી,તા.૧૬

શિયાળુ સત્ર શરૂ થતાં પહેલાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, "સરકાર તમામ મુદ્દે ચર્ચા માટે તૈયાર છે. આશા રાખુ છું કે શિયાળુ સત્ર સકારાત્મક રીતે પસાર થાય. અને લોકતંત્રની શક્તિ વધે. આ ઉપરાંત પીએમએ કહ્યું કે, "સામાન્ય રીતે શિયાળાની શરૂઆત દિવાળીની સાથે થતી હોય છે પરંતુ ગ્લોબલ વોર્મિંગના કારણે શિયાળો જોઈએ તેવો જામ્યો નથી. જો કે શિયાળુ સત્ર આજથી શરૂ થઈ રહ્યું છે. હું આશા રાખું છું કે ૨૦૧૭-૧૮નું શિયાળુ સત્ર દેશ માટે સકારાત્મક રહે. અને ગૃહમાં જરૂરી અને પોઝિટિવ ચર્ચા થાય.

વડાપ્રધાને વધુમાં કહ્યું કે, "મને ઓલ પાર્ટી મીટિંગ પર પૂરો વિશ્વાસ છે અને સંસદનું આ સત્ર દેશને આગળ લઈ જવા માટે હોવું જઈએ. મને આશા છે કે આ સત્રમાં દેશને ફાયદો થશે અને લોકતંત્ર વધુ મજબૂત બનશે.''

## ત્રિપલ તલાક બિલને કેબિનેટમાં મંજૂરી

ન્યુ દિલ્હી,તા.૧૬

સંસદનું શિયાળું સત્ર શરૂ થઈ ગયું છે. સત્રની શરૂઆતથી જ મોદી સરકારનાં એજન્ડામાં અનેક બિલોને મંજૂર કરાવવાનું લક્ષ્ય છે. મોદી કેબિનેટે શુક્રવારે ત્રિપલ તલાક પર ગેર-જમાનતી બિલને મંજૂરી આપી દીધી છે. આ બિલને વતા સપ્તાહમાં રજૂ કરી શકાય એમ છે. બિલમાં ત્રિપલ તલાક પર ત્રણ વર્ષની સજા સુધીની જોગવાઇ કરવામાં આવેલ છે.

સરકાર ''ધ મુસ્લિમ વુમેન પ્રોટક્શન ઑફ રાઈટ્સ ઈન મેરેજ એક્ટ''નાં નામથી વિધેયક લાવશે. આ કાયદો માત્ર ત્રિપલ તલાક (દ્રજીછદ્દ છન્છઊ, એટલે કે તલાક-એ-બિદ્દત) પર જ લાગુ પડશે.

આ કાયદ બાદ કોઈ પણ મુસ્લિમ પતિ જો પોતાની પત્નીને ત્રિપલ તલાક આપશે તો તે ગેર કાનૂની ગણાશે. તમને જણાવી દઈએ કે આ વર્ષે ૨૨ ઓગષ્ટનાં રોજ સુપ્રિમ કોર્ટે ત્રિપલ તલાકને ગેર કાનૂની રજૂ કરી દીધેલ.

મોદી સરકાર આનાં માટે ઘણાં લાંબા સમયથી તૈયારી કરી રહ્યું હતું. ૧લી ડિસેમ્બરે ડ્રાફ્ટ તૈયાર કરીને રિવ્યૂ માટે મોકલવામાં આવ્યો હતો

● અનુસંધાન પાન-૭ પર

## અમિત શાહ પહેલીવાર સંસદમાં આવ્યા

ન્યુ દિલ્હી,તા.૧૬

સંસદનું શિયાળુ સત્ર શુક્રવારથી શરૂ થયું છે. આ દરમિયાન હરિયાણાના સાસંદ દુષ્યંત ચૌટાલા ટ્રેક્ટરથી સંસદ પહોંચ્યા છે. બીજી બાજુ રાજ્યસભાના સાંસદ તરીકે અમિત શાહ આજે પહેલી વાર રાજ્યસભાની કાર્યવાહીમાં સામેલ થયા હતા. અહીં બીજેપી સાંસદો દ્વારા તેમનું સ્વાગત પણ કરવામાં આવ્યું હતું. આ સિવાય સ્નેહલતા શ્રીવાસ્તને લોકસભામાં પહેલી મહિલા જનરલ સેક્રેટરી બનાવવામાં આવી છે. સ્પીકર સુમિત્રા મહાજને તેમનો પરિચય સાંસદોને કરાવ્યો હતો. સેશન પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આ સેશનમાં સારી અને ઈનોવેટિવ ચર્ચા દેશના વિકાસને ગતિ આપશે.

## મધુ કોડાને સજા મામલે આજે સુનાવણી કરાશે

**કોને કેટલી સજા થશે તેને લઇને હજુ સસ્પેન્સ દયા માટે મધુ કોડા અને અન્યોની અરજી ફગાવાઈ**

નવીદિલ્હી,તા. ૧૫

સમગ્ર દેશને હચમચાવી



મુકનાર કોલસા કૌભાંડમાં ઝારખંડના પૂર્વ મુમખ્યમંત્રી મધુ કોડાની અરજી ઉપર આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. દોષિત જાહેર કરવામાં આવેલા મધુ કોડાની સજા ઉપર ગઈકાલે સુનાવણી ટળી ગઈ હતી. સુનાવણીને શનિવારના દિવસે હાથ ધરવાનો ખાસ અદાલતે નિર્ણય કર્યો હતો. મધુ કોડા અને અન્ય દોષિતો દ્વારા રાહત આપવાની માંગણીને લઈને કરવામાં આવેલી અરજીઓનો ફગાવી દેવામાં આવ્યા બાદ તેમને કઠોર સજા કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મામલામાં કોડા અને અન્ય ત્રણ દોષિતોએ પણ મેડિકલ મુદ્દાના આધાર પર સજા ઓછી કરવાની માંગ કરી હતી પરંતુ તેમની માંગ ફગાવી દેવાઈ હતી. ગઈકાલે સજાની જાહેરાત કરવાની હતી પરંતુ સુનાવણી શનિવાર સુધી ટાળી દેવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે, ખાસ અદાલતે ગઈકાલે મધુ કોડાને દોષિત જાહેર કર્યા હતા.

## સંસદના શિયાળુ સત્રનો તોફાની પ્રારંભ

**મોદી મનમોહનસિંહ પાસેથી માફી માંગે તેવી કોંગ્રેસની માંગ : રાજ્યસામાંથી શરદ યાદવની હકાલપટ્ટી કેમ કરવામાં આવી તે મામલામાં સ્પષ્ટતા કરવા ગુલામ નબીની માંગણી : લોકસભાની કાર્યવાહી મોકુફ કરાઇ**



નવી દિલ્હી,તા. ૧૫

સંસદનુ શિયાળુ સત્ર આજે શરૂ થયુ હતુ.ધારણા પ્રમાણે જ પ્રથમ દિવસથી ધાંધલ ધમાલ થઈ હતી. પ્રથમ દિવસે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી અને શરદ યાદવની સંસદના સભ્ય તરીકે કરવામાં આવેલી હકાલપટ્ટીના મુદ્દે હોબાળો થયો હતો. કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ નરેન્દ્ર મોદી પાસેથી માફીની માંગ કરી હતી. ધાંધલ ધમાલ વચ્ચે રાજ્યસભાની કાર્યવાહ વારંવાર મોકુફ કરવામાં આવી હતી. રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા ગુલામ નબી આઝાદે મનમોહન સિંહ પર મોદીની ટિપ્પણીનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ એક ગંભીર મામલા પર નિયમ ૨૬૭ હેઠળ સ્થગિત પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તેમણે કહ્યુ હતુ કે આ ગંભીર મામલો છે. આના કારણે સરકાર જ નહીં વિપક્ષ પણ ચિંતાતુર છે. તેમણે કહ્યુ હતુ કે પૂર્વ વડાપ્રધાન, પૂર્વ ઉપરાષ્ટ્રપતિ, પૂર્વ સેના પ્રમુખ તેમજ કેટલાક રાજકીય નેતાઓની સામે ગંભીર મુકવામાં આવ્યા છે. આઝાદ જ્યારે નિવેદન કરી રહ્યા હતા ત્યારે સંસદીય બાબતોના પ્રધાન અનંત કુમાર અને સત્તા પક્ષના કેટલાક સભ્યો ઉભા થઈને વિરોધ કરવાના મુડમાં દેખાયા હતા. સત્રની શરૂઆત પહેલા મોદીએ સહકાર માટે લોકોને અપીલ કરી હતી. હવે આગામી દિવસોમાં શાસક ભાજપ અને વિપક્ષી કોંગ્રેસ વચ્ચે જુદા જુદા મુદ્દા પર જોરદાર આક્ષેપબાજીનો દોર ચાલે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. શિયાળુ સત્ર તોફાની બનવાના સંકેત દેખાઈ રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## હરિદ્વાર-ઋષિકેશમાં ગંગા કિનારે પ્લાસ્ટિક પર પ્રતિબંધ

**પ્લાસ્ટિક ચીજોનો ઉપયોગ કરી શકાશે નહીં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલનો અતિમહત્વનો હુકમ જારી**

નવીદિલ્હી, તા.૧૫

નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે (એનજીટી)એ આજે વધુ એક મોટો નિર્ણય કર્યો હતો. એનજીટીએ હરિદ્વાર, ઋષિકેશમાં ગંગાના કિનારે રહેતા વિસ્તારોમાં પ્લાસ્ટિકથી બનેલી ચીજો પર પ્રતિબંધ મુકી દીધો છે. આમા પ્લાસ્ટિક કેરી બેગ, પ્લેટ અને કટલરીની ચીજોનો સમાવેશ થાય છે. એનજીટીના ચેરમેન જસ્ટિસ સ્વતંત્રકુમારના નેતૃત્વમાં બનેલી બેંચે ઉત્તર કાશી સુધી આ ચીજોના વેચાણ, નિર્માણ અને ભંડારણ ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. એનજીટીના આ ઓર્ડરનો ભંગ કરનાર પર ૫૦૦૦ રૂપિયાનો દંડ લાગૂ કરવામાં આવશે. આના માટે



જવાબદાર અધિકારીઓ સામે પણ આક્રમક પગલા લેવામાં આવશે. ગંગા નદી પ્રદૂષિત થતાં રોકવા માટે આ પહેલને ઉપયોગી ગણવામાં આવે છે.

## કાશ્મીરને દેશનું સૌથી સુરક્ષિત પર્યટક સ્થળ

શ્રીનગર,તા.૧૬

યુરોપીય દેશોએ ભલે કાશ્મીરને અસુરક્ષિત વિસ્તાર ગણાવીને તેના નાગરિકોને કાશ્મીરમાં નહિ જવાની સલાહ આપી હોય, પરંતુ નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોએ ધરતી પરના સ્વર્ગ ગણાતા કાશ્મીરને સહેલાણીઓ માટે સુરક્ષિત અને દેશના સૌથી સુરક્ષિત પર્યટક સ્થળ તરીકે ગણાવ્યું છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોએ તેના અહેવાલમાં જણાવ્યુ છે કે છેલ્લાં ત્રણ વર્ષમાં કોઈપણ વિદેશી સહેલાણી સાથે કોઈપણ પ્રકારની ગુનાઈત પ્રવૃત્તિ કે કોઈ ગેરરીતિ આચરાઈ નથી. તેના કારણે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોએ કાશ્મીરને દેશનું સૌથી સુરક્ષિત પર્યટક સ્થળ તરીકે ગણાવ્યું છે.

## એક્ઝિટપોલની આગાહી વચ્ચે શેરબજારમાં તીવ્ર તેજીનો માહોલ

મુંબઈ,તા. ૧૫

શેરબજારમાં આજે ફરી તેજીનું મોજુ ફરી વળ્યું હતું. આજે કારોબાર બંધ રહ્યો ત્યારે સેંસેક્સ ૨૧૬ પોઈન્ટ ઉછળીને ૩૩૪૬૨ની ઉંચી સપાટી ઉપર રહ્યો હતો જ્યારે નિફટી ૮૧ પોઈન્ટ ઉછળીને ૧૦૩૩૩ની સપાટીએ રહ્યો હતો. આજે દિવસ દરમિયાન તેજી રહેતા કારોબારીઓ ખુશખુશાલ દેખાયા હતા. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં ભાજપની જીત માટે દાવા કરવામાં આવ્યા બાદ શેરબજારમાં સવારથી જ લેવાલી જામી હતી.ગુજરાતમાં બીજી અને અંતિમ તબક્કાના મતદાન બાદ એક્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા બાદ ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં ભાજપની જીતના દાવા કરવામાં આવ્યા બાદ શેરબજારમાં તેજી જામી હતી.

ગુજરાતમાં ભાજપ સત્તા જાળવી રાખવામાં સફળ રહેશે અને હિમાચલપ્રદેશમાં કોંગ્રેસ પાસેથી ભાજપ સત્તા આંચકી લેશે તેવી આગાહી કરવામાં આવ્યા બાદ શેરબજારમાં સવારથી તેજી રહી હતી. શેરબજારમાં ગઈકાલે ગુરૂવારના દિવસે ફરી એકવાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું અને મંદી પર બ્રેક મુકાઈ હતી. કારોબારના અંતે ૧૪મીએ અંતે સેંસેક્સ ૧૯૩ પોઈન્ટ ઉછળીને ૩૩૨૪૬ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૯ પોઈન્ટ ઉછળીને ૧૦૨૫૨ની સપાટીએ રહ્યો હતો.

## મર્ચેન્ટ ડિસ્કાઉન્ટ રેટ હવે સરકાર ચુકવશે

**કેન્દ્રીય કેબિનેટનો ડિજિટલ ટ્રાન્ઝિક્શનને પ્રોત્સાહન આપવાના હેતુસર નિર્ણય : ૨૦૦૦ રૂપિયા સુધીના ડિજિટલ ટ્રાન્ઝિક્શન ઉપર એમડીઆરની ચુકવણી બે વર્ષ સુધી સરકાર કરશે : પહેલી જાન્યુઆરીથી સુવિધા અમલી બની જશે**

નવીદિલ્હી, તા. ૧૫

ડિજિટલ ટ્રાન્ઝિક્શનને પ્રોત્સાહન આપવાના હેતુસર મોદી સરકારે આજે મોટો નિર્ણય કર્યો હતો જેના ભાગરુપે ૨૦૦૦ રૂપિયા સુધીના ડિજિટલ ટ્રાન્ઝિક્શન પર મર્ચેન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર)નો બોજ બે વર્ષ સુધી સરકાર ઉઠાવશે. આ સુવિધા પહેલી જાન્યુઆરી ૨૦૧૮થી અમલી કરવામાં આવનાર છે. આજે કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. માહિતી અને પ્રસારણ મંત્રી રવિશંકર પ્રસાદે માહિતી આપતા કહ્યું હતું કે, ડિજિટલ ટ્રાન્ઝિક્શનને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકાર બેંકો અને વેપારીઓને એમડીઆરની ચુકવણી કરશે. ડેબિટ કાર્ડ, આધાર મારફતે પેમેન્ટ, યુપીઆઈ (ભીમ એપ) મારફતે પેમેન્ટ કરવાની સ્થિતિ આ રકમ પરત કરશે. મર્ચેન્ટ ડિસ્કાઉન્ટ રેટ એક કમિશન છે જે પ્રત્યેક કાર્ડ ટ્રાન્ઝિક્શન સેવા માટે દુકાનદાર બેંકને આપે છે. કાર્ડ ટ્રાન્ઝિક્શન માટે પોઈન્ટ ઓફ સેલ મશીન બેંક દ્વારા મુકવામાં આવે છે. બેંક દ્વારા એમડીઆર તરીકે કમાણી કરવામાં આવેલી રકમમાંથી કાર્ડ જારી કરનાર બેંક અને કેટલાક હિસ્સા પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ જેમ કે, વિઝા, માસ્ટર કાર્ડ અથવા એનપીસીઆઈને આપવામાં આવે છે. આ ચાર્જના કારણે દુકાનદારો કાર્ડથી પેમેન્ટ કરવા પર ખચકાટ અનુભવ કરે છે. એમડીઆરને રિઝર્વ બેંક દ્વારા નક્કી કરવામાં આવે છે. રવિશંકર પ્રસાદે કહ્યું છે કે, આ વ્યવસ્થા યોગ્ય રીતે કામ કરે તે માટે એક કમિટિ બનાવવામાં આવી છે. દેશમાં ડિજિટલ ટ્રાન્ઝિક્શન માટે ઝડપી ગતિ લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૧૭માં ડેબિટ કાર્ડથી બે લાખ ૧૮ હજાર ૭૦૦ કરોડ રૂપિયાનો કારોબાર થયો હતો. આ હિસાબથી આ નાણાંકીય વર્ષના અંત સુધી આ કારોબાર ચાર લાખ ૩૭ હજાર કરોડ સુધી પહોંચી શકે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, સરકાર દેશમાં ડિજિટલ ઈકોનોમીને એક ટ્રિલિયનના સ્તર સુધી લઈ જવા ગ્લોબલ પ્લેયર્સ સાથે વાત કરી રહી છે. વર્ષ ૨૦૧૨થી ભારતીય રિઝર્વ બેંકે ૨૦૦૦ રૂપિયાના ડેબિટ કાર્ડ ટ્રાન્ઝિક્શન પર ૦.૭૫ ટકા એમડીઆર નક્કી કર્યું છે. જ્યારે ૨૦૦૦ રૂપિયાથી ઉપરના ટ્રાન્ઝિક્શન પર એક ટકા એમડીઆર લેવામાં આવે છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય